# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-07-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. ભારત અને ઓસ્ટ્રેલિયા ક્રિટિકલ મિનરલ્સ કોરિડોર સ્થાપિત કરવા માટે સાથે મળીને કામ કરશે તેવી પ્રધાનમંત્રીની જાહેરાત.
2. ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન આજે ઓડિશાના ભુવનેશ્વરમાં ઉચ્ચસમુદ્રી મત્સઉદ્યોગ સંસાધનોના ટકાઉ ઉપયોગની રાષ્ટ્રીય પહેલ શરૂ કરી.
3. અમેરિકાના હવાઈ હુમલાના જવાબમાં ઇરાને બહેરીન, કુવૈત અને કતારને નિશાન બનાવ્યા.
4. શેરબજારમાં ગઇકાલના કડાકા બાદ આજે પાંચસો પોઇન્ટ સુધીનો ઉછાળો.
5. બ્રિસ્ટલમાં આજે ભારત ઈંગ્લેન્ડ વચ્ચે ચોથી ટી-20 મેચ.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# AUS- INDIA JOINT DECLARATION- 1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સાયબર, ક્રિટિકલ ટેક્નોલોજી અને સપ્લાય ચેઇન્સ પર ઓસ્ટ્રેલિયા-ભારત ભાગીદારી શરૂ કરવાની જાહેરાત કરી અને કહ્યું કે, ભારત અને ઓસ્ટ્રેલિયા ક્રિટિકલ મિનરલ્સ કોરિડોર સ્થાપિત કરવા માટે સાથે મળીને કામ કરશે. તેમણે ઉમેર્યું કે, ભારત અને ઓસ્ટ્રેલિયા બે લોકશાહી, બે બહુસાંસ્કૃતિક સમાજ અને બે મહત્વપૂર્ણ મહાસાગર શક્તિઓ છે જેમના સહિયારા મૂલ્યો અને સમાન વૈશ્વિક દૃષ્ટિકોણ બંને રાષ્ટ્રો વચ્ચે પરસ્પર વિશ્વાસને મજબૂત બનાવે છે.

મેલબોર્નમાં ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીઝ સાથે સંયુક્ત પ્રેસ નિવેદનમાં બોલતા, તેમણે કહ્યું કે, છેલ્લા કેટલાક વર્ષોમાં વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીએ અભૂતપૂર્વ પ્રગતિ કરી છે અને શિખર સંમેલનથી દ્વિપક્ષીય સહયોગમાં નવા પરિમાણો ઉમેરાયા છે.

## (BYTE: PM MODI - ECONOMIC COOPERATION)

પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારત-પ્રશાંત ક્ષેત્ર ફક્ત બે મહાસાગરોનું મિલન બિંદુ નથી, પરંતુ તે ભારત અને ઓસ્ટ્રેલિયા જેવા સમાન વિચારધારા ધરાવતા લોકશાહી દેશોની સહિયારી આકાંક્ષાઓનું પણ પ્રતિનિધિત્વ કરે છે.

## (BYTE: PM MODI- MARITIME SECURITY)

# AUS- INDIA JOINT DECLARATION- 2

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, ભારત અને ઓસ્ટ્રેલિયાએ પરમાણુ ઉર્જાના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે, જે ઓસ્ટ્રેલિયાથી ભારતને યુરેનિયમનો પુરવઠો પૂરો પાડવા માટે એક મહત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કરશે. તેમણે કહ્યું કે, આ કરાર ભારતના સ્વચ્છ ઉર્જા લક્ષ્યોને નવી ગતિ આપશે.

અગાઉ બંને નેતાઓએ મેલબોર્નમાં ભારત-ઓસ્ટ્રેલિયા CEO ફોરમમાં ભાગ લીધો. બેઠક બાદ પ્રધાનમંત્રી મોદીએ આર્થિક રોડમેપ બિઝનેસ ઇવેન્ટમાં સંબોધન કર્યું જેમાં બંને દેશોના 200થી વધુ મુખ્ય કાર્યકારી અધિકારીઓ અને વેપારી નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રધાનમંત્રી મોદી ઓસ્ટ્રેલિયાના ત્રણ દિવસના પ્રવાસે ગઈકાલે સાંજે મેલબોર્ન પહોંચ્યા.

# DAY AUSTRALIA INDIA BUSINESS

ઓસ્ટ્રેલિયા-ભારત વેપાર પરિષદના મુખ્ય સભ્ય વિશ્વ વિશ્વનાથને "મેક વિથ ઇન્ડિયા" પહેલની વધતી જતી અસર અંગે જણાવ્યું. આ જૂથ ઓસ્ટ્રેલિયામાં વ્યૂહાત્મક કોર્પોરેટ ભાગીદારીને પ્રોત્સાહન આપીને પ્રધાનમંત્રીના "મેક ઇન ઇન્ડિયા" વિઝનને અમલમાં મૂકવા માટે કામ કરી રહ્યું છે.

શ્રી વિશ્વનાથને કહ્યું કે, આ સહયોગ પરંપરાગત વેપારથી આગળ વધે છે અને મુખ્ય ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ઓસ્ટ્રેલિયન કંપનીઓને અદ્યતન ટેકનોલોજી, સ્વચ્છ ઊર્જા, સંરક્ષણ અને કૃષિ વ્યવસાય જેવા ક્ષેત્રોમાં ભારત સાથે ભાગીદારી કરવા માટે સક્રિયપણે પ્રોત્સાહિત કરવામાં આવી રહી છે.

# PM-INVESTMENT

ભારતે ઓસ્ટ્રેલિયા સુપર દ્વારા જાહેર કરાયેલ 500 મિલિયન ઓસ્ટ્રેલિયન ડોલરના રોકાણનું સ્વાગત કર્યું. કંપનીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર પોલ શ્રોડરે આજે સવારે મેલબોર્નમાં આ જાહેરાત કરી હતી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, આ રોકાણ ભારતના વિકાસ પથ પર દુનિયાભરના વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે.

# DAY VP-ODISHA

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને આજે ભુવનેશ્વરમાં ઓડિશા યુનિવર્સિટી ઓફ એગ્રીકલ્ચર એન્ડ ટેકનોલોજી ખાતે ભારતના ઉચ્ચ સમુદ્રી મત્સ્યઉદ્યોગ સંસાધનોના ટકાઉ ઉપયોગ માટે રાષ્ટ્રીય પહેલ શરૂ કરી., તેમણે યુવાનોને 'વિકસિત ભારત' ના પાયા તરીકે આધુનિક, ટેકનોલોજી-સંચાલિત મત્સ્યઉદ્યોગ અને દરિયાઈ વ્યવસાયોને અપનાવવા અપીલ કરી.

ઉપરાષ્ટ્રપતિએ દૂરના પાણીમાં કાર્યરત ભારતીય માછીમારી જહાજો માટે અધિકૃતતા પત્રોના રાષ્ટ્રીય રોલઆઉટનું ઉદ્ઘાટન કર્યું, તેમણે ઓડિશા ડીપ સી ફિશિંગ મિશન દસ્તાવેજનું પણ અનાવરણ કર્યું. તેમણે ભારતની સીફૂડ નિકાસ પર ભર મૂકતા ડિજિટલ ઓથોરાઇઝેશન, જહાજ ટ્રેકિંગ અને વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત પ્રમાણપત્ર ધોરણો દ્વારા ટેકનોલોજી-સંચાલિત માછીમારી માટે હાકલ કરી.

# NAGPUR-BRICS MEETING

ભારતના અધ્યક્ષપદે બ્રિક્સ દેશોના પરિવહન કાર્યકારી જૂથની બેઠક મહારાષ્ટ્રના નાગપુરમાં શરૂ થઈ છે.

બેઠક બાદ પત્રકારો સાથે વાત કરતાં કેન્દ્રીય પરિવહન સચિવ વી. ઉમાશંકરે જણાવ્યું કે વરિષ્ઠ અધિકારીઓએ પરિપત્રતા, ગતિશીલતા, શહેરી માળખાગત સુવિધાઓ, ટકાઉ વિકાસ જેવા મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.

દરમિયાન, નાગપુરમાં સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉપણા  માટે નિર્માણ" વિષયવસ્તુ હેઠળ

11 અને 12 મી જુલાઈએ ત્રીજી બ્રિક્સ પરિવહન મંત્રીઓની મંત્રિસ્તરીય બેઠક યોજાશે. કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરી 11 મી એ આ બેઠકની અધ્યક્ષતા કરશે જેમાં અન્ય સભ્ય દેશોના મંત્રીઓ ભાગ લેશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# US-IRAN STRIKES

અમેરિકાએ ઈરાન સામે નવા હવાઈ હુમલા શરૂ કર્યા. જેના જવાબમાં ઇરાને બહેરીન, કુવૈત અને કતારને નિશાન બનાવ્યા. આ હુમલાના કારણે પર્સિયન ગલ્ફમાં યુદ્ધ સમાપ્ત કરવાના ઉદ્દેશ્યથી થયેલા વચગાળાના કરારને ફરીથી જોખમ ઊભું થયું. જો કે બહેરીન, કુવૈત કે કતારમાં નુકસાન અંગે કોઈ માહિતી નથી.

કુવૈતની સેનાએ કહ્યું કે, તે સક્રિયપણે આવતા ડ્રોન અને મિસાઈલોને અટકાવી રહી છે. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડે બહેરીન અને કુવૈત પર હુમલાઓની જવાબદારી સ્વીકારી. અમેરિકન સેનાના સેન્ટ્રલ કમાન્ડે કહ્યું કે, તેણે સમગ્ર ઈરાનમાં લગભગ 90 સ્થળો પર હુમલો કર્યો. અમેરિકાએ કહ્યું કે, આ હુમલાઓનો હેતુ હોર્મુઝ સ્ટ્રેટમાં "નેવિગેશનની સ્વતંત્રતાને ધમકી આપવાની" ઈરાનની ક્ષમતાને "વધુ નબળી" કરવાનો છે.

# STOCKS-1200

ભારતીય શેરબજારમાં ગઇકાલના કડાકા બાદ આજે ઉછાળો જોવા મળ્યો હતો. ઇરાન અને અમેરિકા વચ્ચેના હુમલાઓ પર બ્રેક વાગતાં આજે પ્રારંભિક તબક્કે સેન્સેક્સ 500 અને નિફ્ટીમાં 160 અંકોનો ઉછાળો જોવા મળ્યો હતો. આ તેજી સ્થિતી હાલમાં પણ યથાવત છે. રિયાલ્ટી, હોસ્પિટલ્સ અને સેવાઓને સંબંધિત શેરોમાં લેવાલીના પગલે તેજી જોવા મળી હતી.

છેલ્લા અહેવાલ મળ્યાં ત્યારે સેન્સેક્સમાં 396 અને નિફ્ટીમાં 139 અંકોનો ઉછાળો જોવા મળી રહ્યો છે.

# ABVP FOUNDATION DAY

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના સ્થાપના દિવસ પર તેના તમામ કાર્યકરોને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી શાહે કહ્યું કે, સ્વામી વિવેકાનંદના આદર્શોને અનુસરીને, સંગઠન વિદ્યાર્થી શક્તિને સંગઠિત કરવાનું અને યુવાનોમાં દેશભક્તિની ભાવના જગાડવાનું કાર્ય કરી રહ્યું છે.

ગૃહમંત્રીએ કહ્યું કે, કટોકટી સામેનો સંઘર્ષ હોય કે પૂર્વોત્તરમાં ઘૂસણખોરીનો મુદ્દો હોય, વિદ્યાર્થી પરિષદે હંમેશા યુવાનોને રાષ્ટ્રનિર્માણમાં અગ્રણી ભૂમિકા ભજવવા માટે પ્રેરણા આપી છે.

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પણ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના સ્થાપના દિવસ પર તેના તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા.

# IMD-WEATHER

હવામાન વિભાગે અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, બિહાર, પૂર્વ રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં દિવસ દરમિયાન ભારેથી અતિભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. કર્ણાટકના દરિયાકાંઠાના વિસ્તારો, પૂર્વ ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળના ગંગા કિનારાના વિસ્તારો, ગુજરાત, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીમાં પણ આજે ભારે વરસાદની શકયતા છે.

દરમિયાન, આજે સવારે રાષ્ટ્રીય રાજધાનીના ઘણા વિસ્તારોમાં મધ્યમ વરસાદ વરસ્યો. તો ઉત્તરાખંડમાં ભારે વરસાદને કારણે પર્વતીય જિલ્લાઓમાં અનેક રાષ્ટ્રીય અને રાજ્ય ધોરીમાર્ગો પર વાહનવ્યવહાર ખોરવાયો હતો.

# CRICKET-T20I-INDIA

પુરુષ ક્રિકેટમાં ભારત આજે રાત્રે બ્રિસ્ટલમાં કાઉન્ટી ગ્રાઉન્ડ ખાતે પાંચ મેચની શ્રેણીની ચોથી ટી-20 આંતરરાષ્ટ્રીય મેચમાં ઇંગ્લેન્ડ સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 10 વાગ્યે શરૂ થશે.

શ્રેણીમાં 2-0થી પાછળ હોવાથી ભારતીય ટીમ આ મેચ જીતવાના લક્ષ્ય સાથે મેદાનમાં ઉતરશે. અંતિમ મેચ શનિવારે સાઉથમ્પ્ટન ખાતે રમાશે.

આ પહેલા, યજમાન ઈંગ્લેન્ડે ત્રીજી આંતરરાષ્ટ્રીય T-20 મેચમાં ભારતને 125 રનથી, જ્યારે બીજી T-20 મેચમાં ભારતને ચાર વિકેટથી હરાવ્યું હતું, જ્યારે બંને ટીમો વચ્ચેની પહેલી મેચ વરસાદને કારણે કોઈ પરિણામ વિના સમાપ્ત થઈ હતી.

# J&K-TERRORIST HIDEOUT

જમ્મુ અને કાશ્મીરમાં, સુરક્ષા દળોએ ગઇકાલે કઠુઆ જિલ્લામાં એક આતંકવાદી ઠેકાણાને શોધ્યુ હતું અને બે હેન્ડ ગ્રેનેડ જપ્ત કર્યા હતા. આકાશવાણી જમ્મુ સંવાદદાતાના અહેવાલ મુજબ, જિલ્લાના બિલ્લાવર વિસ્તારના ઉપરના ભાગમાં એક ઓવરગ્રાઉન્ડ વર્કર હાજી લતીફના ખુલાસા પર આ ઠેકાણું શોધી કાઢવામાં આવ્યું હતું.

રબાગના રહેવાસી લતીફ, જેની બે જુલાઈના રોજ ધરપકડ કરવામાં આવી હતી, તેના પર વર્ષોથી સરહદ પારથી એક ડઝનથી વધુ આતંકવાદીઓને ઘૂસણખોરીમાં મદદ કરવાનો આરોપ છે અને પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓ દ્વારા તેની સંયુક્ત રીતે પૂછપરછ કરવામાં આવી રહી છે. તેની પૂછપરછમાં જાણવા મળ્યું કે, તે સરહદ પારથી આતંકવાદી હેન્ડલરોના સતત સંપર્કમાં હતો.

આ દરમિયાન, સરહદ સુરક્ષા દળોએ બુધવારે હીરાનગર સેક્ટરના સરહદી ગામ બોબિયામાંથી એક શંકાસ્પદ વ્યક્તિને પકડી લીધો હતો. પ્રેમ તરીકે ઓળખાવનાર આ વ્યક્તિને પૂછપરછ માટે પોલીસને સોંપવામાં આવ્યો હતો.